- બોલનારના શબ્દોને બે રીતે વ્યક્ત કરી શકાય :

  (1) બોલનારના પોતાના જ શબ્દો રજુ કરીને વ્યક્ત કરવાની રીતને Direct Speech કહેવાય.

  (2) બોલનારના શબ્દોને આપણા શબ્દોમાં રજુ કરીને વ્યક્ત કરવાની રીતને Indirect Speech કહેવાય.

- Direct speech ને Indirect speechમાં ફેરવતા કયારે ફેરફાર ન થાય ?

  :: Direct speech ને Indirect speechમાં ફેરવતી વખતે નીચે મુજબની સ્થિતિ હોય ત્યારે Reported

  speech ના કાળમાં ફેરફાર થતો નથી.

  1. Reporting Verb વર્તમાનકાળમાં કે ભવિષ્યકાળમાં હોય તો Reported speechના કોઈ કાળમાં ફેરફાર થતો નથી.(say, says, will say કે shall say હોય ત્યારે)

     દા.ત.,

     Direct speech : mohan says, "paresh is a teacher."

     Indirect speech : Mohan says that paresh is a teacher.

     Mohan : Repoter
     Says : Reporting verb
     અવતરણચિન્હોમાં આપેલ વાક્ય = Reported speech.

  2. Reported speech નું વાક્ય સનાતન સત્ય સૂચવતું, કહેવત સૂચવતું કે વિજ્ઞાનનો કોઈ સિદ્ધાંત સૂચવતું હોય તો તેમાં કોઈ જ ફેરફાર થતો નથી.

     દા.ત.,

     D : Dineshbhai said, " The sun rises in the east."

     I : Dineshbhai said that the sun rises in the east.

- યાદ રાખો :

  1. ઉપરોક્ત નિયમ મુજબ Direct નું Indirect કરતી વખતે અહિયાં ફક્ત અવતરણ ચિન્હો નીકળી જાય છે અને વાક્ય that થી જોડાય છે.
  2. સર્વનામમાં ફેરફાર થાય છે.

- કાળમાં ફેરફાર :

  Reporting Verb ભુતકાળમાંહોય તો Reported speechના કાળમાં નીચે મુજબ ફેરફાર થાય છે.

www.gkgrip.com

- સાદા વર્તમાનકાળનો સાદો ભૂતકાળ બને :

  દા.ત.,

  D : He said, “mr.shah is a teacher.”

  I : He said that mr.shah was a teacher.

  D : My brother said, “Dineshbhai teaches well.”

  I : My brother said that dineshbhai taught well.

- ચાલુ વર્તમાનકાળનો ચાલુ ભૂતકાળ બને :

  દા.ત.,

  D : He said,“Dineshbhai is teaching gujarati.”

  I : He said that Dineshbhai was teaching gujarati.

- પૂર્ણ વર્તમાનકાળનો પૂર્ણ ભૂતકાળ બને એટલે કે have/has નું had થાય.

  દા.ત.,

  D : He said,“janakbhai has taught english.”

  I : He said that janakbhai had taught english.

- સાદા ભૂતકાળનો પૂર્ણ ભૂતકાળ બને :

  D : He said, “Bhairavi bought a violin”

  I : He said that Bhairavi had bought a violin.

- ચાલુ ભૂતકાળનો ચાલુ પૂર્ણ ભૂતકાળ બને એટલે કે was/were નું had been થઈ જાય.

  દા.ત.

  D : The teacher said,“Dineshbhai was teaching sanskrit once.”

  I : The teacher said that Dineshbhai had been teaching sanskrit once.

- પૂર્ણ ભૂતકાળનો પૂર્ણ ભૂતકાળ જ રહે.તેના કાળમાં કોઈ ફેરફાર થતો નથી.

  દા.ત.

  D : I said,“ Manubhai had taught Gujarati.”

  I : I said that Manubhai had taught Gujarati.”

www.gkgrip.com

- Shall/will નું would થાય, canનું could થાય. Mayનું Might થાય છે પણ તેની સાથેના ક્રિયાપદમાં કદી ફેરફાર થતો નથી, એટલે કે will go નું would go થાય પણ would went કદી ન થાય.

  દા.ત.

  D : He said, "Mohan will play Cricket."

  I : He said that Mohan would play Cricket.

- નીચે જણાવેલ શબ્દોનો Indirect રચનામાં ફેરફાર થાય છે, તો આ ફેરફાર યાદ રાખો.

| Direct | Indirect |
|---|---|
| This | That |
| These | Those |
| Here | There |
| Today | That Day |
| Tomorrow | The Next Day |
| Yesterday | The Previous day / The Day Before |
| Next Week | The Following week |
| Last Week | The Previous week |
| To Night | That Night |
| A Month ago | A Month before |
| Now | then |
| Ago | Before |
| Come | Go |
| Bring | Take |
| Thus | so |

www.gkgrip.com

❖ સર્વનામમાં ફેરફાર :

- સર્વનામમાં ફેરફાર તેની વિભક્તિ મુજબ થાય છે અનેતે બોલનાર અને સાંભળનાર મુજબ થાય છે.આ માટે પહેલા તો વિભક્તિનો ખ્યાલ હોવો જરૂરી છે.

| કર્તા-વિભક્તિ | કર્મ-વિભક્તિ | સંબંધક-વિભક્તિ |
|---|---|---|
| I | Me | My,Mine |
| We | Us | Our,Ours |
| You | You | Your,Yours |
| He | Him | His |
| She | Her | Her,Hers |
| It | It | Its |
| They | Them | Their,Theirs |

- Reported Speechમાં વપરાયેલ સર્વનામ બોલનાર માટે વપરાયેલ છે કે સાંભળનાર માટે વપરાયેલ છે નક્કી કરો. ત્યાર પછી તેની વિભક્તિ મુજબ તેનો ફેરફાર કરો. બંનેની સમાન વિભક્તિ હોય તો તેના સર્વનામમાં કોઈ ફેરફાર થતો નથી.અથવા તો બોલનાર કે સાંભળનાર સિવાયની વિભાક્તિની વાત થતી હોય તો તેમાં કોઈ ફેરફાર થતો નથી. said to ને બદલે told વપરાય છે અથવા said to જ રહે છે.કાળના નિયમોનું તો અહિયાં પાલન થાય છે જ.

  દા.ત.,

  (1) Mina said to Darshan, "I shall give you my book tomorrow."

  Mina told Darshan that she would give him her book the next day.

  (2) I said to him, " I was a teacher last year."

  I told him that I had been a teacher the previous year.

❖ ક્રિયાપદમાં ફેરફાર :

| | |
|---|---|
| Am, is, are | Was, were |
| Was,were | Had been |
| Have, has | Had |
| Do/does | Did |
| can | Could |
| shall | Should |
| may | Might |
| did | Had + $v_3$ |

- જો વાક્યમાં Could, Would, Should, Might, had, must જેવા શબ્દો હોય તો તેને બદલવા નહી.

❖ પ્રશ્નાર્થ વાકય :

- અત્યાર સુધી આપણે સાદા વાક્યનું Indirect કેમ થાય છે તે જોયું હવે પ્રશ્નાર્થ વાક્યનું Indirect કેવી રીતે થાય છે તે જોઈએ.
- પ્રશ્નાર્થ વાક્ય બે પ્રકારનાં છે :

  (1) સહાયકારક ક્રીયાપદથી શરૂ થતું પ્રશ્નાર્થ વાક્ય એટલે કે am,is,are,has,have,had,do,does,did,was,were,shall,will,can,could વગેરેથી શરૂ થતું વાક્ય.

www.gkgrip.com

(2) પ્રશ્નાર્થસૂચક શબ્દથી શરૂ થતું પ્રશ્નાર્થ વાક્ય એટલે કે why,when,where વગેરેથી શરૂ થતું વાક્ય.

- સહાયકારક ક્રિયાપદથી શરૂ થતાં વાક્યોને જોડવા માટે સંયોજક if અથવા whether વપરાય છે. Reported speechનું વાક્ય સાદું બની જાય છે અને સાદા વાક્ય પ્રમાણે કાળમાં ફેરફાર થાય છે. said to ને બદલે asked અથવા તેના ભાવાર્થ પ્રમાણે inquired, insisted વગેરે શબ્દ મુકાય છે. પ્રશ્નાર્થ ચિન્હ નીકળી જય છે.

  દા.ત.,

  D : Mohan said to Bhairavi, " will you give me your book ? "

  I : Mohan asked Bhairavi if she would give him her book.

- પ્રશ્નાર્થસુચક શબ્દવાળું પ્રશ્નાર્થ વાક્ય હોય તો વાક્યનું Indirect કરતી વખતે પ્રશ્નાર્થસુચક શબ્દ જ સંયોજક બની જાય છે. વાક્ય સાદું બની જય છે અને સાદા વાક્ય પ્રમાણે તેના કાળમાં ફેરફાર થાય છે પ્રશ્નાર્થચિન્હ નીકળી જાય છે. said to ને બદલે સામાન્ય રીતે asked મુકાય છે.

  દા.ત.,

  D : Bhairavi said to Darshan, " when do you play cricket ? "

  I : Bhairavi asked Darshan when he played cricket.

❖ આજ્ઞાર્થ વાક્ય :

- આજ્ઞાર્થ વાક્યની ખબર કેવી રીતે પડે ? સામાન્ય રીતે વાક્યની શરૂઆત ક્રિયાપાદથી થઇ હોય. સિવાય કે please જેવો વિનંતીસૂચક શબ્દ મુકાયો હોય.
- આજ્ઞાર્થ વાક્યનું Indirect કરતી વખતે Reported speechમાંના આજ્ઞાર્થ વાક્યનો ભાવાર્થ જોવો જોઈએ. તે આજ્ઞા વિનંતીના ભાવની છે, સલાહ સ્વરૂપે છે કે હુકમના અનુસંધાનમાં છે. said to ને બદલે આજ્ઞાર્થ વાક્યના ભાવ મુજબ નીચે સુચવ્યા છે તેવા શબ્દો મુકાય છે.

  (1) વિનંતીનો ભાવ હોય તો Requested મુકાય.

  (2) સલાહનો ભાવ હોય તો Advised મુકાય.

  (3) હુકમનો ભાવ હોય તો Ordered મુકાય.

  ત્યાર પછી 'please' જેવા વગેરે શબ્દો નીકળી જાય છે અને ક્રિયાપાદની આગળ to મુકીને વાક્ય જોડાય છે. જયારે નકાર વાક્ય હોય તો not to મુકીને વાક્ય જોડાય છે.

www.gkgrip.com

દા.ત.,

(1) The master said to the servant, “Get out.”

The master ordered the servant to get out.

(2) I said to him, “please give me your book.”

I requested him to give me his book.

(3) The teacher said to the student, “Be regular.”

The teacher advised the student to be regular.

(4) She said to me, “please do not take my book.”

She requested me not to take her book.

❖ દરખાસ્ત સુચવતાં વાક્યો :

- Let દ્વારા દરખાસ્ત સુચવાય છે. આવા વાક્યોને Indirect માં ફેરવતી વખતે said to ને બદલે proposed to અથવા suggested to મુકાય છે અને વાક્યને સાદું બનાવીને સાદા વાક્ય પ્રમાણે ફેરફાર થાય છે. વાક્ય ‘That’ થી જોડાય છે. વાક્ય વિનંતી સૂચવે તો આજ્ઞાર્થ વાક્ય મુજબ to થી વાક્ય જોડાય છે.

દા.ત.,

(1) The teacher said to the students, “Let us go for a picnic.”

The teacher proposed to the students that they should go for a picnic.

(2) The old man said to her, “Let me help to cross the road.”

The old man proposed to her to let/to allow him help to cross the road.

દા.ત., અહીંયા ‘us’નું ‘they’ થયું અને તેની સાથે ‘should’ વપરાયું છે. વળી Indirect માં We નું They થયું તે ખાસ નોંધો.

❖ શુભેચ્છા સુચવતાં વાક્યો :

- Good morning, Thank you એવી શુભેચ્છા વ્યક્ત કરતાં વાક્યો શુભેચ્છા દર્શાવે છે. તે સીધાં જ જોડી શકાય છે. સામાન્ય રીતે said to ને બદલે Wished મુકાય છે.

દા.ત.,

(1) Bhairavi said to her teacher, “Good morning.”

Bhairavi wished her teacher good morning.

(2) Bhairavi said to me, "Thank you for your kind help."

Bhairavi thanked me for my kind help.

❖ ઉદ્દગાર વાક્યો :

- આશ્ચર્ય કારક વાક્યોને સામાન્ય રીતે આરંભ 'What' કે 'How' થી થતો હોય છે આવા ઉદ્દગાર વાક્યનું Indirect કરતી વખતે પહેલાં તો 'said to' ને બદલે 'exclaimed to' મુકાય છે.
- Reported speech નું વાક્ય સાદું બની જાય છે અને સાદા વાક્યના ફેરફારના નિયમ મુજબ કાળ અને સર્વનામમાં ફેરફાર થાય છે.
- Reported speech ના વાક્યના ભાવ પ્રમાણે exclaimed with delight, exclaimed with disgust, exclaimed with joy, joyfully, angrily, in fear, with wonder, with surprise, with appreciation જેવા phrases વપરાય છે.
- વાક્યમાં વપરાતા 'Oh', 'Hurrah', 'Alas', 'What' અને 'How' જેવા શબ્દો નીકળી જાય છે અને કેટલીક વાર ઉત્કટતાસુચક શબ્દો Very, Really કે Indeed વપરાય છે.
- ઉદ્દગારવાક્યનું વિધાનવાક્ય બનતા તે That સંયોજકથી જોડાય છે અને વાક્યને અંતે ઉદ્દગારચિન્હને બદલે પૂર્ણવિરામ મુકાય છે.

દા.ત.,

(1) He said, "Alas ! I am undone."

He exclaimed with sorrow that he was undone.

(2) Rahul said, "How clever i am !"

Rahul exclaimed with boustfully that he was very clever.

(3) She said, "What a beautiful flower it is !"

She exclaimed joyfully that it was a very beautiful flowere.

www.gkgrip.com